પુના International School
Shree Swaminarayan Gurukul, Zundal

| PERIODIC ASSESSMENT – I [2021 – 22] | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name: | | Grade | VII | Roll No. | |
| Date: | | Subject | GUJARATI | | |
| Teacher's Sign. | | | | Total marks | 25 |

## [READING SECTION]વાંચનકાર્ય

**પ્ર- 1 નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ લખો.** **[5-Marks]**

હવાનું પ્રદૂષણ, પાણીનુ પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં શાળામાં,સભામાં કે રમતના મેદાનમાં મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો એ શિષ્ટાચારની વિરુધ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનનાં પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથમાં નથી ? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા, કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

પ્રશ્નો 1 ) આપણા સૌ માટે ચિંતાનુ કારણ ક્યુ છે ?

2) ક્યા પ્રસંગોએ રાતે મોડે સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે?

3) શું કરવું શિષ્ટાચારની વિરુધ્ધ છે ?

4) અવાજનું પ્રદુષણ ઘટાડવા આપણે ક્યો સંકલ્પ કરીશું?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## [WRITING SECTION]લેખનકાર્ય

**પ્ર-2 નીચેના વિશે નિબંધ લખો.( કોઈ પણ એક)** **[5-Marks]**

1) ચબૂતરો        2) મહેનત નું મહત્વ

## [GRAMMAR SECTION] વ્યાકરણ

**પ્ર-3 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **[3-Marks]**

1) સીડી        2 ) આંખ        3 ) વૃક્ષ

**પ્ર-4 નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.** **[4-Marks]**

1 ) નાના        2 ) પ્રામાણિક

3 ) વિશ્વાસ        4) નજીક

**પ્ર-5 કાવ્યમાંના પ્રાસની શબ્દજોડી બનાવો.** **[2-Marks]**

1) તમરાં        2) સૂર

**પ્ર-6 નીચે આપેલા શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો** **[1-Marks]**

1) નિશા, પંખી, ઉપવન , ગિરિવર, માછલી, ધરતી.

## [LITERATURE SECTION]સાહિત્ય

**પ્ર-7 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **[5-Marks]**

1 ) આકાશમાં શું – શું સુંદર દેખાય છે?

2) ચબુતરામાં શું નાખવામાં આવે છે?

3) મોચીભગત સ્વભાવે કેવા હતા?

4) કવિ પ્રકુતિમાં કોના દર્શન કરે છે?

5) ઈશ્વર કયાં સ્વરૂપે સોગાદ આપે છે?